વર્ષ સુધી અનુભવ કરીને પ્રસીદ્ધ કરેલું

# પુષ્ટી પ્રકાશ.

કતી-પુષ્ટી અને બળ વધારનારા

ગુપ્ત પ્રયોગોનો સંગ્રહ.

યોજક:—

વૈદ ધીરજરામ દલપતરામ-પ્રાણાચાર્ય

અને ભીષક્રત્ન.

નીઘંટમાળા ભાગ ત્રીજો-ચોથો અને પાંચમો

તેમજ

આયુર્વેદના અનુભવેલાં ઔષધો, આયુર્વેદના ચોદ રત્નો, અર્શરોગ, અને તેના ઉપાયો.

વિગેરેના કર્તા.

પ્રકાશક:—

દેવેન્દ્રનાથ ધીરજરામ ડાકટર.

સી. આઈ., સી ટી. ડી. એ. બી ટી. (ઇન્ગ્લાંડ)

રૂવાળાનો ટેકરો-સુરત.

છાપનાર:—ગોવિન્દજી ડાહ્યાભાઇ નાયક.

'અનાવિલ બંધુ" પ્રીં. પ્રેસ બરાનપુરી ભાગળ,

બાજીવાળી પોળ-સુરત.

## —હમારા દવાખાનામાં :—

## બહાર ગામના દરદીઓ માટે ખાશ.

# સગવડ.

જે દરદી પોતાના રોગની સંપૂર્ણ હકીકત વિગતવાર લખી મોકલશે તેને હમો આયુર્વેદીક ઔષધો જેવાં કે ભસ્મો, રસો, ... રસો, ગુગળો, માત્રાઓ, રસસીંદુરો, સુવર્ણસીંદુરો, તથા સુ... ચંદ્રોદય, વિગેરે ઉંચી જાતના ઔષધોમાંથી દરદીના રોગના ... જે ઔષધ આપવું ઘટીત હશે તેમાંથી યોગ્ય ઔષધ માત્ર માસના પાંચ રૂપીઆ લેખે ફી લઈને મોકલી આપીશું પરંતુ પણ દરદીને પંદર દીવસ કરતાં ઓછા દીવસની દવા આપીશું ન... તેમજ કોઈને પણ ખાસ કારણ વગર એક માસ કરતાં વધારે ... સની દવા એક સામટી આપીશું નહી.

પત્ર વહેવાર કરનારે જવાબને માટે ટીકીટ બીડવી. ટીકા... બીડયા વગર કોઈને જવાબ આપવામા આવશે નહી તેમજ વગર કારણની નિરર્થક શંકાઓના જવાબ આપવામાં આવશે નહી પત્ર વહેવાર નીચેના સરનામે કરવો.

# હમારે ત્યાં મળતાં વૈદકના પુસ્તકો.

### સ્વર્ગસ્થ વૈદરાજ તીલકચંદ તારાચંદ કૃત.

| | |
|---|---|
| નીબંધમાળા ભાગ ૧ લો | કી. રૂ. ૧) |
| નીબંધમાળા ભાગ ૨ જો | કી. રૂ. ૩) |

### હમારા તરફથી બહાર પડેલા પુસ્તકો.

| | |
|---|---|
| નીબંધમાળા ભાગ ૩ જો | કી. રૂ. |
| નીબંધમાળા ભાગ ૪ થો અથવા રસાયણ સાર | કી. રૂ. |
| નીબંધમાળા ભાગ ૫ મો અથવા ચામડીના રોગો અને મલમપટા | કી. રૂ. |
| અષ્ટવીધ પરીક્ષા અથવા કાળજ્ઞાન | રૂ. ૮ |
| આર્યુવેંદીક અનુભવમાળા | કી. રૂ. ૮ |
| બુટ્ટી પ્રકાશ | કી. ૦–૬– |

વૈદ ધીરજરામ દલપતરામ પ્રાણાચાર્ય

દવાખાનું—રવાગાને ટેકરે—સુરત.

## સજ્જન વૈદ્યરાજ બંધુઓ અને આયુર્વેદ પ્રેમી સદ્દગૃહસ્થો.

આપ જાણોછો કે, વર્તમાન સમયમાં જનસમુદાય કેટલો બધો આગળ વધ્યો છે. અને હજુ તે કેટલો આગળ વધશે તેની ધારણા અત્યારથી કલ્પી શકાય એમ નથી. પરંતુ એક બાબત તો ખાસ દેખાઈ આવે છે કે, હાલના યુવક વર્ગની વૃતી પોતાના શરીરમા શક્તી, પુષ્ટી અને બળ વધારવા તરફ લાગી ગઈ છે, કારણ તેઓ એમ સમજે છે કે હવેનો જમાનો માઇ કાંગલા જેવી સ્થીતિમાં ગાળવાનો નથી પણ પોતે પોતાનુ અને પોતાના કુટુંબનું રક્ષણ કરવાને શક્તીવાન, બળવાન, અને બુદ્ધીવાન થવાની ખાશ જરૂર છે. માટે તેઓ હંમેશા શક્તિ પુષ્ટી અને બળવાન બનવાના વસ્તુઓ શોધે છે, ન્યુસ પેપરો, મ સીકા, અને વર્તમાન પત્રો, વાંચીને તેમાથી શક્તી, પુષ્ટી, અને બળ વધારનારી ચમત્કારી દવાઓની જાહેર ખબરો વાંચે છે. અને તેમાની દવાઓ વાપરવામાં મહીના બે મહીના ખાય છે. પરતુ જ્યારે પોતાને કોઇ પ્રકારનો લાભ દેખાતો નથી એટલે વળી એવીજ બીજી વસ્તુની શોધમાં ફરે છે. અને કોઇ સાધુ બાવા કે એવાજ કોઇ ઢોગી લોકોના ઝપાટામાં આવી જાય છે. અને તેમા પણ સેંકડો રૂપીઆની ખરાબી કરે છે એટલુજ નહી પણ જો ફક્ત પૈસાની ખરાબી થઇનેજ પતી જતું હોય, તો તો જાણે ઠીક છે, પરંતુ પૈસાની સાથે જીવાની જાતની પણ પુશ્કળ ખરાબી થાય છે. કારણ શક્તીની દવાઓમાં, કેટલાક જાહેર ખબરીઆ વૈદ બની બેઠેલા ઘણી જાતની ગરમ અને ઉત્તેજીત વસ્તુઓ વાપરે છે. જેથી તેવી વસ્તુઓ ખાનારને શરીરમાંની ગરમી વધી પડી., રીશાઓ પ્રથમ ચેતન થઈ પાછળથી એટલી બધી ઢીલી પડી જાય છે કે, જેને સુધારવાને પુશ્કળ મહેનત કરવી પડે છે, અને જો કોઇ સારો અનુભવી વૈદ મળે તો તે સુધરે છે નહી તો આખી જીંદગીની બરબાદી થાય છે, માટે હમો આવી જાહેરખબરીઆ વસ્તુઓ વાપરનારાઓને ખાશ ચેતવણી આપીએ છીએ કે તેઓએ આવી વસ્તુઓ વાપરતા પ્હેલા ખુબ ખાત્રી કરવી, નહી તો તન-મન, અને ધન એ ત્રણે વસ્તુનો નાશ થશે, અને શક્તિ મેળવવા જતાં આખી જીંદગી દુઃખમાં અને રોગી દશામાં ગાળવી પડશે.

ઉપરની બાબત દૂર કરવાને હમે ખાશ મારા પીસ્તાલીસ વર્ષના અનુભવના આધારે શક્તી, પુષ્ટી અને બળ વધારવાના ખાશ અનુભવેલા

અને દરેક માણસ પોતે પોતાના હાથે બનાવી શકે એવા સહેલા સસ્તા અને બીનજોખમી તાત્કાલીક ફાયદો કરનારા ઉપાયોનું આ પુષ્ટી પ્રકાશ નામનું પુસ્તક પ્રસીદ્ધ કર્યું છે અને તે આપને મોકલ્યુ છે. આગળ હમે હમારા અનુભવના "આયુર્વેદના ચૌદ રત્નો," "આયુર્વેદના અનુભવેલા ઉપાયો" "અર્શરોગ અને તેના ઉપાયો" એ ત્રણ પુસ્તકો ભેટ તરીકે આપ્યા છે. અને તે વૈદરાજોને તેમજ ઇતર ગૃહસ્થોને એટલાં બધા પ્રીય થઈ પડયા છે કે જેની માગણીઓ હજુ ચાલુજ રહી છે. જેથી હમે ઉપરના ત્રણે પુસ્તકો, અને તે સિવાય બીજા કેટલાક હમારા ખાસ અનુભવેલા ઉપાયોનો વધારો કરીને "આયુર્વેદીક અનુભવ માળા" ના નામથી પુસ્તક પ્રસીદ્ધ કર્યું છે. જેની કીમ્મત વૈદરાજો 'પાસે માત્ર આઠ આના લેવામાં આવે છે, ઉપરના ત્રણે પુસ્તકો હવે બીલકુલ ખલાસ થઇ ગયા છે. માટે હવે તે મળી શકશે નહી. પણ ઉપરનું આઠ આનાની કીમ્મતનું પુસ્તક મંગાવશો એટલે ઉપરના ત્રણ પુસ્તકો ઉપરાંત બીજા પણ ઘણા અનુભવેલા ઉપાયોનું પુસ્તક આપ મેળવી શકશો.

છેવટ વૈદરાજોને પ્રાર્થના કરવામાં આવે છે કે આ "પુષ્ટી પ્રકાશ" પુસ્તકમાંના ઉપાયો આપ બનાવીને આપના ગ્રાહકોને ખવાડશો તો જરૂર આપને યશ, કીર્તી અને ધન પ્રાપ્ત થશે. એટલુંજ નહી પણ જેઓ જાહેર ખબરોની દવા ખાઈને નીરાશ થયા હશે તેઓના મનમાં આ પુસ્તકમાંની દવા ખાવાથી આયુર્વેદ પ્રત્યે અત્યંત ભાવ પ્રગટ થશે.

**ચેતવણી:**—આ પુસ્તકમાની કોઈપણ દવા બનાવવી-તેમાં ખાશ કાળજી રાખવી કે—વછનાગ, ભાગ, વીગેરે ઝેરી વસ્તુની બરાબર શુદ્ધી કરવી તેમજ ભસ્મો પણ ખાશ ખાત્રીની વાપરવી તેમજ વશાણાની કોઈ અજાણી વસ્તુ નહી મળી શકે તો તે વસ્તુ હમારી પાસેથી મંગાવવી. હમારે ત્યાં બધી જાતની ભસ્મો તેમજ શુદ્ધ હીંગલોક, વીગેરે વસ્તુ વ્યાજબી ભાવે મળશે. હમારે ત્યા જે ખાશ અનુભવી દવાઓ મળે છે તેનું સુચીપત્ર આ સાથે સામેલ છે માટે તે વાંચીને જે વસ્તુ જોઈએ તે હમારે ત્યાંથી મંગાવી લેવી.

હમારૂ ઠેકાણું:—


વૈદ ધીરજરામ દલપતરામ પ્રાણાચાર્ય.

ઠે૦ કુવાળાને ટેકરે—સુરત.

## ખાશ અનુભવેલા ઉપાયો

# "પુષ્ટી પ્રકાશ."

**ચુર્ણોની બનાવટઃ**—ચુરણો બનાવવામાં જે જે વસાણુ લેવાના હોય તે ખાશ કરીને શુદ્ધ અને તાજાં લેવાં એટલુંજ નહી પણ દરેક વસ્તુને બરાબર સાફ કરીને પછી સારી રીતે ખાંડી–વસ્ત્રથી ચાળી, ચુર્ણમાં ગોળ સાકર વિગેરે મેળવવાનું લખ્યું હોય તે પ્રમાણે મેળવવા. હીંગ હમેશા ચુરણમાં સેકીને નાખવી તેમજ જે ચુર્ણને ઘી–મધ–માખણ વિગેરેમાં ચાટવાનું લખ્યું હોય તો તે ચુરણના વજન કરતાં બમણું અથવા ચાર ઘણું લેવું ને ચુર્ણને ભાવના દેવાનું લખ્યું હોય, તો તે વસ્તુ ચુર્ણના વજનથી બમણી લેવી. એટલુંજ નહી પણ દુધપાક જેવું થાય તે પ્રમાણે રસ વીગેરે નાંખવું. જો વીશેષ ભાવના દેવાની હોય તો પ્રથમની ભાવના આપતાં તે વસ્તુ ઘુંટી ઘુંટીને સુકી થાય ત્યારે બીજી ભાવના દેવી. ચુરણો જેમ બને તેમ ઝીણા કરવા. કારણ જેમ જેમ ચુરણ ઝીણું થાય તેમ તેના પરમાણું છુટા પડે, અને એવી રીતે ઝીણાં કરેલા ચુર્ણો વાપરવાથી તે લોહીમાં જલદી મળી જઈ સારો ફાયદો કરે છે. ચુરણમાં જે જે વસ્તુ લખેલી હોય તે વસ્તુ ખરી છે કે નહી તેની ખાત્રી કરીને ચુરણમાં નાંખવી.

જે વસ્તુ ખરી મળતી નહી હોય અથવા સડેલી કે જુની હોય તો તે વસ્તુ ચુરણમાં નાખવી નહી. તેમજ જે વસ્તુ ખરી નહી મળતી હોય તો તેને બદલે આયુર્વેદમાં તેનો પ્રતિનિધી લેવાનું લખેલું હોય તો તે નાંખવું, અને જે નહીજ મળી શકે તો તેને બદલે કોઈ ખોટી વસ્તુ નાખવી નહી. આવી રીતે ચુરણો બનાવવામાં ખાશ કાળજી રાખવી જેથી ચુરણો સારા અને ફાયદો કરનારા થઈ શકશે.

## મુશલ્યાદી ચુર્ણ–૧.

ધોળી મુશલી તો. ૫ કાળી મુશલી તો. ૧ ગોખરૂ તો. ૧ સતાવરી તો. ૧ કવચ્યાં તો. ૧ સુંઠ તો. ૧ ધોળાં મરી તો. ૧ પીપર તો. ૧ બળબીજ તો. ૧ આમુકૌંચના બી તો. ૧ કેશર તો. ॥ તજ તો. ॥ જાવંત્રી તો. ॥ જાયફળ તો. ॥ સીલાજીત તો. ૨ પ્રવાળભસ્મ તો. ૧.

ઉપરની સઘળી વસ્તુને સાફ કરી ખાંડવા જેવી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી પછી તેમાં શીલાજીત વિગેરે વસ્તુ મેળવી ચુર્ણ તૈયાર

કરવું. અને દરરોજ સવારે તથા સાંજે બબે આની ભાર મધમાં મેળવીને ચાટવું અને ઉપર ગાયનું દુધ શેર અડધો ગરમ કરી સાકર નાખીને પીવું જેથી શકિત આવે. ધાતુ જતી હોય તે બંધ થાય. વીર્ય અને બળ વધે, તેમજ ધાતુ સંબંધી તમામ વિકારોને દુર કરી શરીરમાં અત્યંત તાકાદ આવે, પરંતુ દવા ખાવી તેટલા દીવસ તેલ, મરચાં, ખટાસ વિગેરે બંધ કરવું.

## પુષ્ટી કર ચુર્ણ–૨.

સતાવરી તોલા ૨, બળબીજ તોલા ૨, ગોખરૂ તોલા ૨, કવચ બીજ તોલા ૨, સામરનો કંદ તોલા ૨, સુંઠ તોલા ૨ ધોળી મુસળી તોલા ૨, આંમળાં તોલા ૨, આશન તોલા ૨, એલચી તોલો ૧, જાવંત્રી તોલો ૧, વંગ ભસ્મ તોલો ૧, પ્રવાળ ભસ્મ તોલો ૧, હીંગલોક તોલો ૧, ઉપરની બધી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ ચુર્ણ કરી પછી તેમાં ભસ્મો તથા હીંગલોક સારી રીતે મેળવી એક શીશીમાં ભરી લેવું. આ ચુર્ણ દરરોજ સવાર સાંજ વાલ બેથી ચાર ઘી અને શાકરમાં મેળવીને ચાટવું. અને ઉપર ગરમ કરેલું દુધ શેર ૦॥ પીવું. જેથી વીર્ય સંબંધી તમામ વિકારો મટે છે એટલુંજ નહી પણ વીર્ય અત્યંત પાતળુ પડી ગયુ હોય. તે ઘટ્ટ થાય અને શરીરમાં બળબુદ્ધી અને શકતીમાં અત્યંત વધારો થઇ વિલાસ સુખમાં ખરેખરો આનંદ આપી તવાઇ ગયલા શરીરોને પુષ્ટ અને બળવાન બનાવી યુવાવસ્થાનો ખરો આનંદ આપે છે.

## કેશરાદી ચુર્ણ.—૩

કેશર તો.૦॥ સુઠ તો.૦॥ પીપર તો.૦॥ લવંગ તો.૦॥ અકલગરો તો.૦॥ કંકોળ તો.૦॥ જાયફલ તો.૦॥ તજ તો.૦॥ જાવંત્રી તો. ૦॥ સાલમ તોલા.૨ ભાંગ તોલા ૨ અગર તો.૦॥ ધોળીમુશલી તો.૨ એલચી તો.૧ ખસખસ તો.૧ કાળાતલ તો.૨ એખરો તો. ૧ અફીણ તો.૦॥ વંગભસ્મ તો.૧ પ્રવાળભસ્મ તો.૧ સુધ્ધ હીંગલોક તો. ૧ રૂપાના વરખ તો.૧

પ્રથમ–ખાંડવા જેવી વસ્તુઓને ખાંડી વસ્ત્રગાળ ચુર્ણ કરવું પછી ભસ્મો અને અફીણને યુકતી સર મેળવી સારી પેઠે ઘુટીને એકત્ર કરવું, પછી તેમાં વરખ મેળવીને શીશીમાં ભરી લેવું. આ ચુર્ણ દરરોજ સવાર સાંજ વાલ બેથી ચાર મધમાં મેળવીને ચાટવું અથવા મધ નહી

ખાતા હોય તેણે ગાયના ઘીમાં ચાટવું અને ઉપર દુધ શેર એક ગરમ કરી એલચી સાકર નાંખીને પીવું .જેથી શકિત, પુષ્ટી. અને બળ વધે છે. તેમજ શરીરની નસોમાં શકિત આવી કામકળામાં વૃદ્ધિ કરી સારી રીતે બંધેજ કરે છે. પરેજીમાં ગરમ વસ્તુઓ ખાવાની બંધ કરવી.

## બીજી જાતનું કેશરાદી ચુર્ણ-૪.

કેશર તોલો ૧. ગોખરૂ તોલો ૨. સુઠ તોલો ૧ સતાવરી તોલો. ૧ ધોળી મુશલી તોલા. ૨ એખરો તોલો. ૧ આમળા તોલો પીપર તોલો. ૧ એલચી તોલો ૧ ગળોસત્વ તોલો. ૧ સાકર તોલા. ૫ બધી વસ્તુને ખાંડી વસ્ત્ર ગાળ કરી ચુર્ણ તૈયાર કરવું અને દરરોજ સવાર સાંજ બેઆની ભારથી પાવલી ભાર સુધી મધ અથવા ઘીમાં ચાટી ગાયનું દુધ શેર. ાા ગરમ કરી સાકર નાંખીને પીવું જેથી ધાતુની વૃધ્ધી થાય, શકિત આવે, જતી ધાતુ બંધ થાય, અને શરીરમાં લોહી અને બળ ઉતપન્ન થાય.

## વિર્યવર્ધક ચુર્ણ-૫.

સમુદ્રશોસના બી તો. ૧ બળબીજ તો. ૧ ગોખરૂ તો ૧ કપાસીયાનો મગજ તો. ૧ બમનસુફેત તો ૧ બમન લાલ તો. ૧ ધોળી મુશલી તો. ૧ આમળાં તો. ૧ સુઠ તો ૧ પીપરીમુળ તો. ૧ પીપર તો. ૧ લોહભસ્મ તો. ૧ વંગભસ્મ તો. ૧ ગળોસત્વ તો. ૧ સુદ્ધ હીંગલોક તો. ૧ ઉપરની વસ્તુમાંથી ખાંડવા જેવી વસ્તુને ખાંડી વસ્ત્ર ગાળ કરી પછી તેમાં ભસ્મો અને હીંગલોક મેળવીને ચુર્ણ તૈયાર કરવું આ ચુરણ સવાર સાંજ બબે વાલ મધ તો. ૧ અને ઘી તો.ાા સાથે મેળવીને ચાટવું. અને ઉપર ગાયનું અથવા ભેંસનું દુધ ગરમ કરીને એલચી સાકર નાખીને શેર ાા થી ાાા સુધી પીવું. જેથી શરીરમાં શકતી પુષ્ટી બળ વિગેરેની વૃદ્ધિ થઇ કોઇ પણ પ્રકારથી જતી ધાતુને અટકાવી શરીર તેજવાન બનાવી લોહીના પ્રવાહને વધારે છે.

## કુસ્માંડ ચુર્ણ ૬.

ભોય કોહળુ તો. ૫, આસન તો. ૫, ધોળી મુસલી તો. ૫, ગોખરૂ તો. ૫, સુંઠ તો ૨, પીપર તો. ૨ મરી તો. ૨, સીલાજીત તો. ૨, લોહ ભસ્મ તો. ૨ ઉપરની બધી વસ્તુને મેળવી એકત્ર કરી

પ્રથમ એક પટ કાંદાના રસનો આપવો અને બીજો પટ આદુના રસનો આપી સારી પેઠે ઘુંટીને સુકવવું પછી દરરોજ સવાર સાંજ ચૂરણ વાલ ૩ એ મધ સાથે મેળવીને ચાટવું. અને ઉપર દુધ પીવુ અથવા ઘીવાળો સારો ખોરાક પચે તે પ્રમાણે ખાવો. જેથી ધાતુ વધે શકિત આવે. બળવધે, અને વીર્ય સંબધી તમામ વિકારોને દુર કરી શરીરમાં પુષ્કળ શકિત આપે છે.

## જાતી ફળાદી ચુર્ણ—૭.

જાયફળ—આશન, ક્વચાં, આમળાં, જેઠીમધ, ખેરીગુંદર, મોચરસ, સુઠ, પીપર જાવંત્રી, લવેગ, એલચી, તજ. અકલગરો, પ્રવાળ ભસ્મ. વંગ ભસ્મ, રસસીંદુર.

ઉપરની તમામ વસ્તુ સરખે ભાગે લઈ ખાંડી વસ્ત્રગાળ કરી. રસ રસસીંદુરને જુદુ ઘુટી તેમાં ભસ્મો મેળવી પછી ચુરણ સાથે એકરસ કરી, સવાર—સાંજ વાલએથીચાર મધસાથે ચાટી ઉપર દુધ-પીએ તો શક્તી-પુષ્ટી અને બળ વધે.

## ધનવંતરી ચુર્ણ—૮.

કેશર, જાવંત્રી, લવીંગ, જાયફળ, ચીનીકબાલા, કમરકસ, ખેરીગુંદર, ગળોસત્વ, ગોખરૂ, ક્વચાં, એખરો, કાળીમુશલી, મેદાલાકડી, એલચી, પીપર, અકલગરો, સમુદ્રશોસનાબી, ઉટંગણનાબી, બહુફલી, સુકાગુંદા, ધોળીમુશલી, સતાવરી, તેજબળ, તજ, સુઠ, સાલમ, ભાંગ, સુદ્ધકરેલી, લોહભસ્મ, વંગભસ્મ, સીલાજીત.

ઉપરની તમામ વસ્તુ સરખે ભાગે લઇ (ખાંડવા જેવી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી) પછી તેમાં ભસ્મો અને શીલાજીત મેળવી એક રસ કરવું પછી ભાંગ તોલા પાંચનો ઉકાળો કરી તેનો પટ આપવો પછી સારી પેઠે ઘુટીને સુકવીને ચુરણ તૈયાર કરવું પછી દરરોજ સવારે તથા સાંજે ચુરણ બેઆનીભાર ઘી અને સાકરમાં મેળવીને ચાટવું. અને ઉપર ઉકાળેલું બદામ સાકર નાંખેલું દુધ શેર ॥ થી એક સુધી પચે તે પ્રમાણે પીવું. જેથી શરીરમાં લોહીની વૃદ્ધી થઇ ધાતુ સંબંધી તમામ રોગ સારા થાય છે. તેમજ ખોરાક પચાવી ભુખ લગાડે છે.

## પોષ્ટીક ચુર્ણ—૯.

ચોપચીની, આશન, ધોળામરી, સાલમ, ખેરી, ગુંદર, ગોખરૂ,

તજ, સતાવરી, જેઠીમધ, સુઠ, ખારેક, ધોળી મુશલી, બળબીજ, પીપરીમુળ ઉપરની સઘળી વસ્તુ સરખે ભાગે લઈ ખાંડી કપડછાણુ કરી, ચુરણના વજનથી અડધે ભાગે ચીનાઇ સાકર મેળવી દરરોજ સવારે તથા સાંજે તોલો ૦ાા દુધ સાથે ખાવાથી ગરમીને લીધે તણાઈ ગયેલી ધાતુ બંધાય છે. તેમજ શરીરમાં શકિત અને બળ વધે છે, અને કોઇ પણ પ્રકારે જતી ધાતુ અટકે છે.

આ ચુરણનો ઉપયોગ જેટલા દીવસ કરવો તેટલા દીવસ ખટાસ, તેલ, મરચાં, વાલ, વટાણા તેમજ ભજીયાં, પાંતરા, ઢોકલાં વિગેરે વિદાહી અને નુકશાન કરનારા પદાર્થ ખાવા બંધ કરવા. જેથી ચુરણનો ગુણ સારો લાગે છે.

## કામદેવ ચુર્ણ ૧૦.

ભોય કોહોળુ, સતાવરી, ધોળી મુસળી, સમુદ્રશોસના બી કેશર અકલગરો, એલચી, પીપર, લવંગ, સુંઠ, જાવંત્રી, કમળકાકડીનો મગજ તગર, વાસકપુર, લોહ ભસ્મ, વંગ ભસ્મ, હીંગલોક, બરાસ રૂપાના વરખ ઉપલેટ, ભાંગસુધ્ધ વચ્છનાગ,સુદ્ધ સડકચુરો, પીપરીમુળ, ગળો સત્વ, કસ્તુરી. ઉપરની બધી વસ્તુ સરખે ભાગે લઈ ખાંડવા જેવી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી પછી તેમાં ભસ્મો અને ત્યાર બાદ રૂપાના વરખ યુકિત પુર્વક મેળવી એકરસ કરી છેલ્લે કસ્તુરી મેળવવી અને કાચની શીશીમાં ભરી લેવું આ ચૂરણ દરરોજ સવારે એક વાર વાલ બે મધમાં મેળવીને ચાટવું. અને ઉપર દુધ પીવું અથવા સારો ઘી દૂધવાળો ખોરાક લેવો. સવાર સાંજ બે વાર લેવું હોય તો પણ લઈ શકાય છે આ ચૂર્ણ શકિત આપી શરીરની નસોને મજબુત કરી અપુર્વ આનંદ અને ચૈતન્ય પ્રગટાવે છે પરંતુ તેલ મરચાં અને ખટાસની પરેજી પાળવી.

## મદનોદય ચુર્ણ ૧૧.

સાલમ તોલા પાંચને દુધ શેર પાંચમાં પકાવી ઘી નાખીને ખવો કરવો પછી તેમાં નિચેની વસ્તુઓ નાખવી.

ચીકણા મુળ, અતીબળા, ખેરી ગુંદર, ગોખરૂ, સતાવરી, સુઠ, મરી, પીપર, એલચી, લવંગ, જાયફળ, જાવંત્રી, આમળાં, એખરો એ વસ્તુઓ એકેક તોલો લેવી. અને તેને ખાંડીને ઉપર નાખવા સાથે મેળવવું. પછી તેમાં સોનાના વરખ નંગ ૨૫, રૂપાના વરખ નંગ

૧૦૦ લોહભસ્મ તો. ૧, પ્રવાળ ભસ્મ. તો. ૧, સીલાજીત તોલા ૨, કસ્તુરી તો. ાા, એ વસ્તુઓ યુકિત પુર્વક મેળવીને ચૂરણ તૈયાર કરવું. આ ચૂર્ણ દરરોજ સવાર સાંજ બબ્બે આની ભાર ઘી સાકર સાથે અથવા મધ સાથે ખાવું જેથી તમામ પ્રકારની નબળાઇ, અશકિત, વિર્યદોષ, ધાતુશ્રાવ, મંદતા વીગેરેને દુર કરી શરીરમાં તાત્કાળીક નવુ જીવન પેદા કરે છે. ચૂરણ ખાઇને ઉપર ગરમ દુધ પીવું.

## મુકુંદ ચુર્ણ–૧૨.

બોડાગોખરૂમોટા, સતાવરી–સાલમ, કવચાં સડકચુરો, એલચી, લવેગ,કેશર,પીપર–મરી કાળોછડ, કમરકશ, બળબીજ, કાળાતલ,આમળાં, જાયફળ, જાવંત્રી, ગાજરનાબી, મુળાના બી,પીપરીમુળ,તમાલપત્ર, તજ, અકલગરો, એ તેવીસ વસ્તુ એકેક તોલો લેવી અને સુદ્ધ કરેલી ભાંગ તોલા પાંચ તથા વછનાગ સુદ્ધ તોલો ૧ હીંગલોક તોલા ૨ શીલાજીત તોલા ૩ વંગ ભસ્મ તોલો ૧ લોહ ભસ્મ તોલો ૧ પ્રથમ ખાંડવા જેવી વસ્તુઓને ખાંડી વસ્ત્રગાળ કરી પછી હીંગલોક તથા ભસ્મો સારી પેઠે ઘુટીને બધા સાથે એકત્ર કરવું પછી તુલસાના પાંત્રાનો રસ કાઢી તેની એક ભાવના ચુરણને આપવી પછી બરાબર સુકવીને બાટલીમાં ભરી લેવુ. આ ચુરણ વાલ બે સવાર સાંજ ઘી સાકરમાં ચાટવાથી શકતી પુષ્ટી, બળ, વીગેરે વધે છે તેમજ ઘરડા માણસ ખાય તો જુવાન જેવી શકતી આવે છે. ટુકમાં આ ચુરણ ધાતુ સંબંધી બધા વીકારોને દુર કરી પુષ્ટી આપે છે.

## લવંગાદી ચુર્ણ–૧૩.

લવંગ, એલચી, તજ, તમાળપત્ર, કમળકાકડીનો મગજ વાળો, જટામાંસી, તગર, કંકોળ અગર, નાગકેશર, જાયફળ, સુખડનો વેર, જાવંત્રી, જીરૂ, શાહજીરૂ, સુઠ, મરી, પીપર, સડકચુરો, હરડાં, બેડા, આમળાં, ઉપલેટ, વાવડીંગ, તાલીશપત્ર, તેલીયો દેવદાર, જેઠીમધ, ખેરસાલ, વાસકપુર, ભોયકોહળુ, સામરનામૂળ, ધોળીમુશલી, મોટા ગોખરૂ કવચબીજ, પીપરીમુળ, ગળોસત્વ, લોહભસ્મ, વંગભસ્મ, પ્રવાળભસ્મ, રસસીંદુર, બરાસ, રૂપાના વરખ નંગ ૧૦૦ સુનાના વરખ મોટા નંગ ૨૫.

પ્રથમ ખાંડવા જેવી વસ્તુ ખાંડી વસ્ત્રગાળ કરી પછી તેમાં રસસીંદુર તથા ભસ્મો મેળવી એક દીવસ ઘુટી પછી છેલ્લે બરાસ

અને વરખ મેળવી ચુર્ણ તૈયાર કરવું આ ચુર્ણ ઘી અને સાકર સાથે અથવા માખણુ અને સાકર સાથે બબે વાલ સવાર સાંજ ખાવુ અને ઉપર પચે તે પ્રમાણે દુધ પીવું અથવા સારો ઘી, દુધવાળો ખોરાક પચે તે પ્રમાણે લેવો જેથી કોઇ પણ જાતના ધાતુ સંબંધી રોગ દુર થઈ શકતી, પુષ્ટી બળ, અને વિર્યની વૃદ્ધી કરે છે. તેમજ ખાંસી, ક્ષય, અરૂચી, રાજક્ષ્મા, સ્ત્રીઓનો પ્રદર સોમરોગ, વિગેરે રોગોને દુર કરી શરીરમાં નવુ લોહી પેદા કરી વૃદ્ધાવસ્થાને અટકાવી નવુ જીવન પેદા કરે છે.

## બીજી જાતનું લવંગાદી ચુર્ણ-૧૪.

આશન, ગોખરૂ, ગળોસત્વ, સતાવરી, સુઠ, જટામાંસી, જાવફળ, નાગકેશર, કાળુઅગર, વાળો, વાસકપુર, મોથ, એલચી, લવીંગ, પીપર, કંકોળ વંગભસ્મ, બરાસ, સુદ્ધ ભાંગ, ઉપરની તમામ વસ્તુ સરખે વજને લઇ ખાંડી વસ્ત્ર ગાળ કરી છેલ્લે વંગભસ્મ અને બરાસ મેળવી પછી ચુરણના વજનથી અડધી ચીનાઈ સાકર ખાંડી એકત્ર કરી બાટલીમાં ભરી લેવું આ ચુર્ણ તોલો ૦। દરરોજ મધ સાથે અથવા ઘી સાથે ચાટી ઉપર દુધ પીવુ જેથી ધાતુની વૃદ્ધી થઈ જતી ધાતુ બંધ થઈ શરીર બળવાન અને પુષ્ટ બનાવે છે.

## મુસલાઇ પુષ્ટીકર ચુર્ણ ૧૫,

બમનસુફેત, બમનલાલ, દરનજઅકરબી, તોદરીસફેત, તોદરીલાલ, સલગમનાબી, ગાજરનાબી, સમુદ્રશોસનાબી, મોટા ગોખરૂ, રૂમી મસ્તકી, સકાકુલ મીસરી, ધોળી મુશલી, કેશર, કમરકસ, કાળોઆછડ, એલચી, પીપર, સડકચુરો, કવચાં, સુઠ, ગાઉજુબાન.

ઉપરની બધી વસ્તુઓ સરખે ભાગે લઇ સાફ કરી ખાંડીને વસ્ત્રગાળ ચુરણ કરવું. પછી એ ચુરણમાં ચુરણના વજનથી અડધે ભાગે સાકર નાંખી એકત્ર કરી દરરોજ સવાર સાંજ તોલા ૦। થી ાા સુધી મધમાં અથવા ગાયના ઘીમાં મેળવીને ચાટવું. અને ઉપર ગાયનું અથવા ભેંસનું દુધ શેર ૦ાા એલચી, સાકર અને બદામ નાખીને ઉકાળીને પીવું. જેથી ઘણા વખતની અશકિત ધાતુપાત, વિર્યવિકાર મંદતા નસોની કમજોરી નપુષકપણું, ધાતુનુ જવું. ધાતુ પાતળી પડી ગઇ હોય વિગેરે ઘણા રોગોને દુર કરી શકિત અને પુષ્ટી આપે છે.

## કેરબાનું મુગલાઇ પુષ્ટી કર્તા ચુર્ણ ૧૬.

કેરબો તોલા ૨, પરવાળા કાચા તોલા ૨, મોતી તોલો ૧, એ ત્રણુ વસ્તુને ખાંડી ગુલાબ જળમાં ચાર દીવસ ઘુટવા અને પછી સુકવીને તૈયાર કરવું. પછી તેમાં નિચેની વસ્તુ મેળવવી.

મુગલાઈ બેદાના તો. ૧, મોચરસ તો. ૨, વાસ કપુર તો. ૧, કેસર તો ૧, પીપર તો. ૧, મરી તો. ૧, સુંઠ તો. ૧, જાયફળ તો. ૧ મોટા ગોખરૂ તો. ૨, ધોળી મુસળી તો. ૨, એલચી તો. ૧, ઉટંગણુના બી તો. ૧, જુજબે દસ્તર તો. ૨, રૂપાના વરખ નંગ ૫૦ સુનાના વરખ નંગ ૧૫. કસ્તુરી તોલો ૦।, બરાશ તો. ૧.

ઉપરની વસ્તુઓ ઉપરના ગુલાબ જળમાં ઘુટેલી વસ્તુ સાથે યુકતી પુર્વક એકત્ર કરી ચુરણુ તૈયાર કરવું. આ ચૂર્ણ વાલ બે સવાર સાંજ મધ સાથે અથવા માખણુ અને સાકર સાથે મેળવીને ચાટવું. અને ખોરાક સારો ઘી દુધ સાકરવાળો પચે તે પ્રમાણે લેવો જેથી તમામ જાતની નબલઇ ધાતુ વિકાર, અશકિત, પ્રમેહ, ખોટી ગરમી વીગેરે દુર કરી અત્યંત શકતી આપી કામ કળામાં વધારો કરી ખરી મરદાઈ આપે છે.

## ગોળીઓ કરવાની રીત.

ગુટીકા અર્થાત્ ગોળીઓ કરવામાં ખાશ એ વાત લક્ષમાં રાખવી કે દરેક વસાણુ સારાં તાજા લઈ, તેને ઝીણું ખાંડી ખલમાં નાખી સારી પેઠે ઘુંટવા. જો કોઈ ગોળીમાં પારો ગંધક નાખવાના લખ્યા હોય તો પ્રથમ પારાગંધકની સારી કજલી કરી. તેમાં બીજા વશાણુ મેળવીને ઘુટવું. તેમજ જે ગોળીમાં હીંકલોક રસસીંદુર વીગેરે નાખવાના હોય, તો તેને પ્રથમ ઓછામાં ઓછા ચોવીસ કલાક સુધી એકલા કોરા ઘુંટવા. અને ત્યાર પછી તેમાં બીજી વસ્તુઓ મેળવીને એકત્ર કરવું.

જો કોઈ ગોળીને અમુક વનસ્પતીના રસમાં ઘુંટવા કહી હોય તો તે વસ્તુના રસને કપડેથી ગાળવાં ચૂકવું નહિ. ત્યાર બાદ તે એટલો નાખવો કે જે વસ્તુ પલાળવાની હોય તે રગડા જેવી થાય. પછી તેને ઘુટતાં ઘુટતા ગોળી વાળવા જેવું થાય, ત્યારે તેની ગોળી જે વજનની વાળવાની હોય. તે વજન પ્રમાણે એક સરખી વાળવી. જે ગોળી તડકે સુકવવાની નહી હોય તેને ઘરમાં ખુલ્લી હવામાં રાખીને સુકવવી. જો ગોળી મધમાં કે ગોળમાં વાળવાની હોય તો

મધ અથવા ગોળ ગોળી વળી શકે એટલો નાંખવો.

જે ગોળીને જુદી જુદી ભાવનાઓ આપવાની હોય તે જ્યારે એક વસ્તુની ભાવના આપતાં ઘુટતાં ઘુટતાં સુકુ થાય ત્યારે બીજી ભાવના આપવી.

જે વસ્તુને જેટલા કલાક કે દીવસ ઘુંટવાની કહી હોય તે પ્રમાણે બરાબર રીતે ઘુટવું ઓછુ ઘુંટવાથી ગોળીનો ગુણ જોઇએ તેવો થતો નથી માટે ઉપરની વાત ધ્યાનમાં રાખીને ગોળીઓ બનાવવી કે જેથી તે બરાબર ફાયદો કરે.

## પુષ્ટીકર ગુટીકા—૧.

સુઠ, મરી, પીપર, જેઠીમધ, એલચી, લવંગ, જાવંત્રી, બળબીજ, ધોળી મુશલી, કાળી મુશલી, ગોખરૂ, આશન, વાંસકપુર, ભોંયકોળુ, ભાંગ, વછનાગ, હીંગલોક, લોહભસ્મ.

ઉપરની સઘળી વસ્તુ સરખે ભાગે લઈ, ખાંડી, વસ્ત્રગાળ કરી. હીંગલોકને પ્રથમ જુદો ખલી, તેમાં ભસ્મ મેળવી, પછી, બીજી બધી વસ્તુ મેળવી, એક દીવસ ઘુંટીને પછી તેમાં નાગરવેલના પાકાં પાનનો રસ નાંખી, સારી પેઠે ઘુંટી ગોળી વાળવા જેવું થાય ત્યારે, વટાણા પુરની ગોળી વાળી, શીળામાં સુકવી, શીશીમાં ભરી લેવી, આ ગોળી સવાર સાંજ એકેકી મધમાં ચાટી, ઉપર દુધ શેર ૦॥ બદામ, સાકર, એલચી નાંખીને ગરમ કરીને પીવું. જેથી શકિત, પુષ્ટી, બળ વધે છે. તેમજ તવાઈ ગયેલી ધાતુને ઘટ્ટ કરી શરીરમાં નવું લોહી વધારી ગ્નાનતંતુને બળ આપી, વાયુ, શરદી વિગેરેનો નાશ કરે છે. પરેજીમાં ખટાસ તેલ, અને મરચાં બંધ કરવાં.

## મદન મોહન ગુટીકા—૨.

તુલસીના બી, સમુદ્રશોસના બી, ઉટંગણ બી, કૌચબી, એખરો, જાયફળ, જાવંત્રી, લવેગ, સુઠ, મરી, પીપર, કેશર, સાલમ, ધોળી મુશલી જેઠીમધ, આમળાં, અક્લગરો, લોહભસ્મ. અને ભાંગ.

સઘળી વસ્તુ સરખે વજને લઇ ખાંડી, વસ્ત્રગાળ કરી એક દીવસ સારી પેઠે ખલ કરવો. પછી ભાંગ તોલા પાંચ લઈ તેને સોળગણા પાણીમાં ઉકાળી તે ઉકાળો ઉપરની વસ્તુમાં નાખી ખલ કરતાં કરતાં સુકાય ત્યારે તેમાં ગોળી વળે તેટલું ચોખ્ખું મધ નાખીને ગોળી ચણા પુરની કરવી અને સવાર સાંજ ગોળી નંગ એક ઘી સાથે

ચાટી ઉપર ગાયનું દુધ શેર ૧ પીવું. જેથી શરીરમાં અત્યંત શકતી આવી, ધાતુને પુષ્ટ કરી. બળ, બુદ્ધી અને ધાતુને વધારી. શરીર તેજવાન બનાવે છે. પરેજી:—ખટાસ, તેલ, મરચા, વીગેરે ગરમ વસ્તુ ખાવી નહી.

## દન કામેશ્વર ગુટીકા—૩.

કેશર, લવંગ, અક્લગરો, જાયફળ, જાવંત્રી, વછનાગ, હીંગલોક, ભાંગ, અફીણ ધોળીમુશલી, કવચાં, ગોખરૂ, રૂપાના વરખ, સુન્નાના વરખ, કસ્તુરી, ઉપરની બધી વસ્તુ સરખે ભાગે લઈ પ્રથમ હીંગલોક ને એક દીવસ ખલ કરી તેમાં અફીણ અને કસ્તુરી સિવાયની બધી વસ્તુ મેળવીને એક દીવસ ખલ કરવો પછી અફીણ ને પાણીમાં ઘુટી તેનો કસુંબો બનાવો ઉપરની બધી વસ્તુમાં નાંખીને એક દીવસ ખલવુ. પછી ગોળા વટાણાપુરની વાળવી. આ ગોળી સવાર સાંજ એકેકી દુધ સાથે ખાવાથી ધાતુની વૃદ્ધી થાય, શકતી અને પુષ્ટી આવે, નસો મજબુત થઇ મરદાઈ આવે, તેમજ ઘણાં લાંબા વખતની નામરદાઈ અને નપુષકપણું મટે એટલુંજ નહીં પણ અનુપાન ભેદથી વાયુ, પીત, અને કફથી ઉતપન્ન થયેલા તમામ રોગો મટે.

## દનમંજરી ગુટીકા—૪.

પીપળાના સુકાટેટા, વડનાસુકાટેટા. ઉટંગણનાબી સમુદ્રશોસના બી, સુઠ, મરી, પીપર, જાવંત્રી, જાયફળ, લવંગ, એલચાં, કેશર, વછનાગ, ભાંગનાબી, રસસીંદુર, લોહભસ્મ, વંગભસ્મ.બધુ સરખે ભાગે લેવું.

ઉપરની બધાં વસ્તુમાંથી ખાંડવાજેવી વસ્તુને જુદા ખાંડી, વસ્ત્ર ગાળ કરી, પછી રસ સીંદુરને કોરો એક દીવસ ખલકરી, તેમાં ભસ્મો અને બીજી બધી વસ્તુ મેળવી એકત્ર કરી, ચેવલી પાકાંપાન તથા આદુ એ બન્નેના રસમાં એકેક દીવસ ઘુટી, ગોળી ચણાપુરની કરવી. આ ગોળી સવાર સાંજ બેવાર અથવા એક વાર મધ સાથે ચાટી ઉપર સારો પુષ્ટીકારક ખોરાક ઘી દુધવાળો. પચે તે પ્રમાણે લેવો. જેથી પાતળી પડેલી ધાતુ ઘટ્ટ થાય, સ્વપ્નામાં અથવા બીજી રીતે જતી ધાતુ અટકે, શરીરમાં શકિત પુષ્ટી અને બળનો વધારો થાય. એટલુંજ નહી પણ ધાતુ સંબંધી તમામ રોગ દુર થઇ મરદાઈ અને બંધેજ શકિત વધે. ગોળી એક સવાર સાંજ લેવી.

## સર્વતા ભદ્ર ગુટીકા—૫.

મોટા ખોખરૂ, એખરો સિંગોડા, સતાવરી, ધોળીમુશલી, કમરકસ,

સાલમ, વાંસકપુર, ગાજરના બી, મેથી, આશન, ચીનીકબાલા, જાયફળ, જાવંત્રી, લવંગ, એલચી, પોસદોડા, ખસખસ, અશાલીઓ, સુઠ, મરી, પીપર, તમાલપત્ર, સડકચુરો, સુન્નાગેરૂ. એ બધુ સરખે ભાગે લેવી.

ઉપરની તમામ વસ્તુને ખાંડી, વસ્ત્રગાળ કરી, પછી એક દીવસ ખલમાં નાંખી સારી પેઠે ખલી, મધ નાંખીને ગોળી ચણીબોર જેવડી વાળવી અને દરરોજ સવાર સાંજ ગોળી ૧ થી ૨ ઘી અને મધમાં મેળવીને ચાટવી અને ઉપર દુધ પીવું જેથી તમામ જાતની અશકિત દુર થઇ પુષ્ટી અને શકતી આપે છે. તેમજ આ ગોળી દશ વરસના છોકરાને તેમજ બૈરાંઓને પણ આપી શકાય છે. બૈરાંની જતી ધાતુ અને પ્રદર મટાડી કમ્મર અને હાથ પગનો દુખાવો બંધ કરે છે. પરેજીમાં ખટાસ બંધ કરવી.

## શકિત અને મરદાઇની ગોળી–૬.

હીંગલોક, વાંસકપુર, શીલાજીત, વંગભસ્મ, ભાંગ, વછનાગ, દરૂનજઅકરબી, બમન સફેત, બમનલાલ, ઉટંગણનાબી, ધોળીમુશલી, ચીનીકબાળા, તજ, અકળગરો, પીપરીમુળ, તમાલપત્ર, એલચી, સુઠ, મરી પીપર. જાયફળ–જાવંત્રી લવંગ.

ઉપરની વસ્તુમાંથી ભાંગ સિવાય બીજી બધી વસ્તુ અકેક તોલો લેવી અને ભાંગ તોલા પાંચ લેવી. ભાંગને સેકીને ધોવી એટલે શુદ્ધ થશે. પછી તમામ વસ્તુ ભેગી કરી ખાંડીને વસ્ત્રગાળ ચુરણ કરવું. પછી તેમાં હીંગલોક, વાસકપુર અને વંગ ભસ્મ એ ત્રણને સારી પેઠે ઘુટીને બધાને ભેગા મેળવી મધમાં ગોળી ચણા પુરની કરવી. આ ગોળી સવાર સાંજ એકેકી ઘી સાથે ચાટી ઉપર દુધ પીવું અથવા સારો પુષ્ટી કારક ખોરાક ખાવો જેથી વૃદ્ધાવસ્થામાં મરદાઇ કમ થઇ હોય તે પાછી આવે છે. તેમજ શક્તી, પુષ્ટી, બળ, અને બુદ્ધીને વધારે છે. એટલુંજ નહી પણ વીર્યશ્રાવને લીધે થતો હાથ, પગ, અને કમ્મરના દુખાવાને દુર કરી. વિર્યની વૃદ્ધી કરે છે.

## ધીરજ વટી–૭.

જાયફળ, જાવંત્રી, લવંગ, સુઠ, મરી, પીપર, એલચી, તજ, તમાલપત્ર, તેજબળ, એ દશ વસ્તુ અકેક તોલો લેવી અને ધોળી-મુશલી સમુદ્રશોષના બી, ઉટંગણના બી, કાળીમુશલી, ગોખરૂ સતાવરી, સાલમ એ સાત વસ્તુ બબે તોલા લેવી અને હીંગલોક, શીલાજીત એ

એ વસ્તુ ત્રણુ ત્રણુ તોલા પ્રથમ હીંગલોકને જુદો ખલવો પછી તેમાં ઉપરના વસાણા ખાંડીને વસ્ત્રગાળ કરીને બધાને એકત્ર કરીને ઘુટવું પછી ભાંગ તોલા પાંચનો ઉકાળો કરી તે ઉકાળામાં બધી વસ્તુ ઘુટીને ગોળી ચણા પુરની કરવી અને સવાર સાંજ એકેકી ગોળી દુધ સાથે ખાવી જેથી શક્તી પુષ્ટી બળ-બુદ્ધી અને લોહીમાં વધારો કરી શરીરમાં અત્યંત જોસ લાવી સઘલી નસોને તાકાત આપી ખરેખરૂ પુરૂષત્વ ઇત્યાદી બક્ષે છે પરેજી તેલ મરચાં ખટાસ વસ્તુ બંધ કરવી.

## પુષ્ટી પ્રભા ગુટીકા–૮,

ધોળીમુશલી, કૌચાં, મદન મસ્ત, બમનલાલ, બાલછડ, એલચી, લવેગ, ધોળામરી, જાયફળ, અગર સતાવરી, સમુદ્રશોસનાબી, બમન સફેત, સડકચુરો, તમાલપત્ર, પીપર, જાવંત્રી, અકલગરો, કેશર.

એટલી વસ્તુઓ એકેક તોલો લેવી. અને બરાસ તોલા બે, શુદ્ધ ભાંગ તોલા ચાર, પ્રવાળ ભસ્મ તોલા બે, શીલાજીત તોલા બે, જુંજબેદસ્તર તોલા ત્રણુ લોહભસ્મ તોલા બે, રસસીંદુર તોલા બે, ચાદીના વરખ નગ ૨૦૦) સોનાના વરખ મોટા નંગ ૧૦૦) કસ્તુરી તોલો ાા, અમ્બર તોલો ા,

પ્રથમ ખાંડવા જેવી વસ્તુ ખાંડી, વસ્ત્રગાળ કરવી. પછી રસસીંદુર અને ભસ્મોને એક દીવસ કોરાં ખલવા પછી જુજબેદસ્તર સીવાય બીજી બધી વસ્તુ એકત્ર કરી એક દીવસ ખલ કરવો. પછી સોના રૂપાના વરખો મેળવવાં, પછી જુંજબેદસ્તરને ખલમાં મધ સાથે ઘુટવું અને ઉપરની વસ્તુઓ સાથે મેળવીને એકત્ર કરવું. પછી રાતી દરાખ વાટી તેમાં બધી વસ્તુ એકત્ર કરવી. ગોળી વાળવા જેવું નહી થયુ હોય તો મધ નાખીને ગોળી વળે એવું કરવું. પછી ગોળીવાળતી વખતે કસ્તુરી અને અમ્બર મેળવી દેવા અને પછી ગોળીઓ મોટા ચણા પુરની વાળવી અને ઉપર રૂપાના વરખ ચડાવવા અને પછી કાચના બુચવાળી શીશીમાં ગોળી ભરી લેવી. આ ગોળી સવાર સાંજ એકેકી મધમાં કાલવીને ચાટવી, અને ઉપર એલચી સાકર નાખેલું દુધ પચે તે પ્રમાણે પીવુ અથવા સારો પુષ્ટીકારક ખોરાક ખાવો, જેથી શરીરમાં શકતી, પુષ્ટી, બળ, વિર્ય વધારી હસ્તદોશથી આવેલી નબલાઇ, નપુષકપણું, શીથિલતા, નસોનું ઢીલાપણું સ્વપ્નદોષ, વિગેરે ધાતું સબંધી સઘલા દોષોને દુર કરી ખરી

જુવાની આપી હાથ પગ, કમ્મરનો દુખાવો, હાથપગનું કળતર. અગ્નિની મંદતા, ખોરાકનું નહી પચવું, શરદી, શળેખમ, માથાનો દુખાવો, સંગ્રહણી, મરડો, અતીસાર, જીર્ણજ્વર, ઉધરસ ખાશી, દમ, ક્ષય, અમુઝણ વીગેરે દરદોને આ ગોળી તાત્કાળીક ફાયદો કરે છે.

આ ગોળી ઘણો વખત થયા હમે પ્રસીદ્ધ કરેલી છે. અને ઘણા વૈદરાજો અને ગૃહસ્થો વાપરે છે. માટે બનાવવાની ખટપટ પડે અને જો તમારે આ ગોળીની ખાત્રી કરવી હોય તો હમે વૈદરાજોને રૂપીઆ સવા બે લઇને એક માસ ચાલે એટલી ગોળી ૬૦) આપીશું. યદી તમારે ખાત્રી કરવી હોય તો એક વખત મંગાવીને વાપરી જુઓ. હમારે ત્યાં એ ગોળી તૈયાર રાખવામાં આવે છે.

જેઓ પોતે બનાવવાની ઇચ્છા રાખતા હોય, તેઓએ એમાં નાખવાના ખરા વસાણા હમારે ત્યાંથી મંગાવવા. વ્યાજબી ભાવે મોકલવામાં આવશે.

## મદન મંજરી ગુટીકા.–૯.

જાવંત્રી તો. ૧, લવેંગ તો. ૧, સુઠ તો. ૧, પીપર તો. ૧, મરી તો. ૧, જાયફળ તો. ૧, નાગકેશર તો. ૧, એલચી તો. ૧, તમાલપત્ર તો. ૧, તજ તો. ૧, સુદ્ધ કરેલી ભાંગ તો. ૩ા સુવર્ણ-ચંદ્રોદય તો. ૧, વંગભસ્મ તો. ૧, અભ્રક ભસ્મ સોપુટી તો. ૨.

પ્રથમ ચંદ્રોદય અને ભસ્મોને એક દીવસ ઘુટી તેમાં ઉપરની બીજી બધી વસ્તુ ખાંડી વસ્ત્રગાળ કરી એકત્ર કરવું પછી તેમાં ગોળી વળે એટલું મધ નાખી, ઘુંટીને ગોળી ચણા પુરની કરવી. આ ગોળી સવાર સાંજ ઘી અને મધ સાથે મેળવીને ચાટવી અને ઉપર ગરમ કરેલું દુધ પીવું જેથી આ ગોળી વાજીકરણ કરે છે. એટલુંજ નહી પણ અશક્તિ, વિર્યદોષ, નબળાઇ, હાથ પગ, અને કમ્મરનો દુખાવો, ખાંશી, શ્વાસ, દમ, ક્ષય, વિગેરે રોગોને તાત્કાળીક અસર કરે છે. આ પ્રયોગ **ભાવ પ્રકાસના વાજીકરણ પ્રકરણમાં છે.** અને ઘણો સારો નીવડયો છે.

## કામેશ્વર ગુટીકા–૧૦.

કવચાં, કાકડાસીંગ, કાળાતલ, આશન, કેળાનોકંદ, ગોખરૂ, મેથી, ભોયકોહોલુ, સામરનોકંદ, સુઠ, મરી, પીપર, તજ, જાયફળ, જાવંત્રી, લવંગ, એલચી, ઉપલેટ, જીરૂ, ગળો, મોચરસ, કાળી મુશલી,

ધોળી મુશલી, સતાવરી, એખરો સડકચુરો, ભારંગમૂળ, અજમોદ, બળબીજ, વરધારો ઉપરની બધી વસ્તુ એકેક તોલો લેવી અભ્રક ભસ્મ, પ્રવાળભસ્મ, વંગભસ્મ, લોહભસ્મ, રસસીંદુર.

પ્રથમ ખાંડવા જેવી વસ્તુને ખાંડી, વસ્ત્રગાળ કરી પછી ભસ્મો વિગેરે મેળવી એક દીવસ સારી પેઠે ઘુંટી પછી પ્રથમ અરડુશાના રસમાં ઘુંટવુ અને તે સુકાય ત્યારે આદુના રસનો એકપટ તથા ચેવલી પાનના રસનો એકપટ આપી ગોળી રતીપુરની કરવી. આ ગોળી સવાર સાંજ એકથી બે ઘી સાકરમાં ચાટી ઉપર દુધ અથવા ઘી વાળો ખોરાક લેવો. જેથી શક્તિ પુષ્ટી, બળ, વિર્યદોષ, નબળાઇ, ખાંશી, શ્વાસ, દમ, સંગ્રહણી, વિગેરે. રોગોને દુર કરી જુવાન માણસોને કવખતે આવેલું ઘડપણ મટાડી વૃદ્ધોને જુવાન જેવી શકિત આપે છે.

## સરળ ગુટીકા-૧૧.

હરડાં, બેડા, આમળા, સુંઠ, મરી. પીપર, જાયફળ, જાવંત્રી, લવંગ, એલચી, સામરનોકંદ, મોટાગોખરૂ, આશન, સતાવરી, ધોળીમુશલી, સમુદ્રશોસનાખી ખારેક. ખેરનો ગુંદર, એ બધી વસ્તુ સરખે ભાગે લઈ. ખાંડી વસ્ત્રગાળ કરી રાતીદરાખ તોલા દશને ઘુંટી તેમાં ઉપરની વસ્તુ મેળવી ગોળી ચણી બોર જેવડી કરવી જો ગોળી નહી વળે તો થોડુ મધ નાંખીને ગોળી કરવી આ ગોળી સવાર સાંજ દુધ સાથે ખાવાથી ધાતુ સંબંધી બધા વીકારોને દુર કરી શરીરમાં શકિત આપી કોઈપણ રીતે ધાતુ જતી હોય તેને બંધ કરી વિર્યને ઘટ્ટ બનાવી શરીરમાં લોહીના પ્રવાહને વધારી મગજ શકિતને તેજ કરી શરીરની હંમેશની કમજોરીને દુર કરે છે.

## આણંદ મંજરી ગુટીકા-૧૨.

સુંઠ, મરી, પીપર, લવેંગ, અકલગરો, જાયફળ, જાવંત્રી, ગોખરૂ, એખરો, સમુદ્રશોસનાખી, કવચાં, સતાવરી, ધોળીમુશલી, હરડાં, બેડાં, આમળા, ભાંગ, વછનાગ, લોહભસ્મ, પ્રવાળભસ્મ, વંગભસ્મ, રૂપાના વરખ, હીંગલોક, એ સઘળી વસ્તુ સરખે વજને લઈ ખાંડી વસ્ત્રગાળ કરી એક દીવસ બધાને સાથે સારી પેઠે ખલ કરી પછી ગોળી વળે તેટલુ મધ નાખી ઘુટી ગોળી ચણા પુરની વાળી ઉપર રૂપાના વરખ ચડાવવા આ ગોળી સવાર સાંજ એકેકી દુધ સાથે

ખાવાથી શરીરને પુષ્ટ કરી નબલાઇ વીર્યપાત કમ્મર અને હાથ પગનો દુખાવો, ખુરી ટેવથી થયેલી નસોની કમ જોરી, વીગેરે ધાતુ સંબંધી રોગોને દુર કરી ચેહેરાને ખુબસુરત બનાવી ગયેલી જુવાની પાછી લાવે છે. આ ગોળી હમારી ચાલીશ વર્ષની અનુભવેલી છે. અને જેને જોઇએ તેને દોઢ રૂપીએ તોલો આપીએ છઇએ માટે ખાત્રી કરવી હોય તો મંગાવીને વાપરી જોવી.

## ધાતુ પુષ્ટીની મુગલાઈ ગોળી–૧૩.

સકાકુલમીશરી, બમન સુફેત, બમનલાલ રૂમીમસ્તગી, ગાઉ જુબાન, દરૂનજઅકરબી તોદરીસુફેત, તોદરીલાલ, સમુદ્રશોશનાબી ગાજરનાબી, કાંદાનાબી, કવચાં, ગોખરૂ ખારેક, જાયફળ, લવંગ, એલચી, સુઠ, મરી, પીપર, વછનાગ, એટલી વસ્તુ અકેક તોલો લેવી અને સુદ્ધ કરેલી ભાંગ તોલા પાંચ તથા રૂપાના વરખ તોલો ૧ બરાસ તો. ૧, કસ્તુરી તો. ૦|. પ્રથમ ઉપરની વસ્તુઓને ખાંડી વસ્ત્રગાળ કરી, પછી તેમાં વરખ બરાસ અને કસ્તુરી મેળવવા અને મધમાં ઘુટીને ગોળી ચણા પુરની કરવી આ ગોળી સવાર સાંજ અકેકી દુધ સાથે ખાવાથી મરદાઇ વધે નપુષકપણું જાય નસોમાં શકિત આવે. વિર્યની વૃદ્ધી થઈ શરીરમાં ચેતન પ્રગટાવી બળ, શકતી, વીગેરે વધારી તાત્કાળીક ફાયદો કરે છે.

## શકતી વર્ધક જુંજબેદસ્તરની ગોળી.

કાળોછડ તો. ૧, સડકચુરો તો. ૧, એલચી તો. ૧, દરૂનજ અકરબી તો. ૧, બમનલાલ તો. ૧, બમન સફેત તો. ૧, લવેગ તો. ૧, તમાલપત્ર તો. ૧, પીપર તો. ૧, સુઠ તો. ૧, રૂપાના વરખ નંગ ૧૦૦, સુન્નાના વરખ નંગ ૫૦, કસ્તુરી તોલો ૦|, જુંજ બેદસ્તર તોલા ચાર.

પ્રથમ ઉપરની સઘલી વસ્તુઓમાંથી જે ખાંડવા જેવી હોય તેને ખાંડીને વસ્ત્રગાળ કરવી. પછી તેમાં બન્ને જાતના વરખો ઘુટીને મેળવવા ત્યારબાદ જુંજબેદસ્તરના ઝીણાં કટકા કરીને મધમાં નાખીને ઘુટીને એક રસ કરવા, પછી ઉપરની બધી વસ્તુનું ચુરણુ તેમાં નાંખી કસ્તુંરી મેળવી એકત્ર કરી ગોળી વળે તેવું થાય એટલે ચીનીબોર જેવડી ગોળી વાલી સવાર સાંજ મધ સાથે ખાઈ ઉપર સારો ઘી દુધવાળો ખોરાક લેવો જેથી મરદાઈ શક્તિ, પુષ્ટી, બળ,

બુદ્ધી, વીગેરે વધારી ઘરડાને પણ જુવાન જેવી શક્તી આપે છે.

## બંધેજની ગોળી-૧૪.

અકલગરો, તો. ૧ જાવંત્રી તો. ૧, જાયફળ તો. ૧, ભાંગ સુદ્ધ કરેલી તો. ૧, ગાંજો સોપાણીએ ધોઇને શુદ્ધ કરેલો તો. ૧, એલચી તો. ૧, લવંગ તો. ૧, અફીણ તોલો ૧, હીંગલોક તો. ૧, વંગભસ્મ તો. ૧ ઉપરની વસ્તુઓ એકત્ર કરી સારી પેઠે ખલ કરીને પછી કેશર તોલો એક લઈ પાણીમાં ઘુંટી એકરસ કરી પછી ઉપરની તમામ વસ્તુ તેમાં નાંખી એક દીવસ ખલ કરી ગોળી વાળવા જેવું થાય ત્યારે ગોળી વટાણા પુરની કરી સુકવીને બાટલીમાં ભરી લેવી આ ગોળી સવાર સાંજ એકેકી દુધ સાથે ખાવાથી શકિત પુષ્ટી અને બળ વધે છે. તેમજ રાત્રે સમાગમ પહેલા એક કલાક અગાઉ ગોળી ૧ થી ૨ શરીરના બળ પ્રમાણે ખાઇ ઉપર દુધ પીએ અથવા શીરો ખાય તો અત્યંત બંધેજ થાય છે. પરંતુ આ ગોળી શરીરમાં સારી શકિત હોય અને ધાતુ બળવાન હોય તોજ ખાવી નહી તો થોડા દીવસ દુધ સાથે સવાર સાંજ ખાધા પછી શરીર બળવાન થાય ત્યારે બંધેજને માટે ખાવી.

## બીજી જાતની બંધેજની ગોળી-૧૫.

કંકોળ તો. ૧ સુઠ તો. ૧ અકલગરો તો. ૧ કેશર તો. ૧ પીપર તો ૧ જાયફળ તો. ૧ જાવંત્રી તો. ૧ ભાંગ તો. ૧ સુખડનો વેર તો. ૧ રૂમી મસ્તગી તો. ૧ અફીણ તો. ૧ એખરો તો. ૧ ઉટંગણના બી. તો. ૧ તજ તો. ૧ પ્રથમ અફીણ સીવાયની સઘલી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી પછી અફીણનો કુશંબો કરી તેમાં બધી વસ્તુ નાંખી સારી પેઠે ખલ કરી ગોલી વળે એવું થાય ત્યારે ગોળી ચણા પુરની કરી છાયાંમાં સુકવી કાચના બુચવાળી શીશીમાં ભરી લેવી પછી દરરોજ સવારે તથા સાંજે ગોળી એક ઘી અને સાકરમાં મેળવીને ચાટવી અને ઉપર દુધ ગરમ કરીને એલચી સાકર નાખેલું શેર એક પીવું જેથી શરીરમાં નવુ લોહી લાવી, ધાતુની વૃદ્ધી કરી, બળ, બુદ્ધી અને શકિતમાં વધારો કરી ગમે તે કારણથી જતી ધાતુને અટકાવી હાથ પગ અને કમ્મરમાં તાકાદ આપી વૃદ્ધોને પણ એકવાર યુવાન જેવી શકિત આપે છે. અને બંધેજને માટે રાત્રે ગોળી ૧ થી ૨ એક કલાક આગમજ દુધ સાથે ખાવાથી બંધેજ થાય છે. ઈચ્છા

ચુર્ણ થવાથી લીંબુનો રસ ચુસવાથી શાંન્તી થાય છે.

## શકિત અને પુષ્ટી માટે સર્વતોભદ્ર ગુટીકા—૧૬.

સુંઠ, મરી, પીપર, હરડાં, બેડા, આંમળા, તજ, તમાલપત્ર, એલચી, જાયફળ, જાવંત્રી, લવંગ, અકળગરો, જેઠીમધ, સતાવરી, કવચાં, ગોખરૂ, આશન, બળબીજ, એખરો, ધોળીમુશલી, કાળી મુશલી, ભોયકોહેલુ, ચોપચીની સાલમ, કેશર, કમળ કાકડી, કમરકશ, ખેરીગુંદર, લોહભસ્મ, પ્રવાળભસ્મ, વંગભસ્મ, ઉપરની તમામ વસ્તુ સરખે ભાગે લઈ ખાંડવા જેવી વસ્તુ ખાંડી વસ્ત્રગાળ કરી ભાંગના રસમાં ઘુટી ગોળી વટાણાપુરની કરી તમામ પ્રકારની નબળાઈમાં સવાર સાંજ ગોળી ૧ થી ૨ દુધ સાથે લેવી આ ગોળી સાત વરસ ઉપરાંતના છોકરાંઓને, બૈરાંઓને તેમજ પુરૂષોને સઘળાને આપી શકાય છે. અને વીર્યવૃદ્ધી કરવામાં તેમજ બળ બુદ્ધી અને લોહી વધારવામાં ઘણું સારૂ કામ કરે છે. માટે બુદ્ધીપુર્વક વાપરવાથી તમામ માણુશોને તાત્કાળીક ફાયદો કરી સ્વપ્નાવસ્થામાં થતો વિર્યપાત પણ અટકાવે છે.

## પાક બનાવવાની રીત.

દેશી અને યુનાની વૈદકમાં ખાસ શક્તી અને પુષ્ટી આપનારા પાકો ઘણી જાતના છે. અને તે બે ત્રણ રીતે બનાવવામાં આવે છે. દાખલા તરીકે સાલમપાક. સાલમને દુધમાં રાંધીને પછી તેને ઘીમાં ખાવો કરી. બીજા વસાણા મેળવી ખાંડ અથવા સાકરની ચાસણી કરી તેમાં ઠારીને ચોસલાં પાડવામાં આવે છે.

**બીજી રીતઃ**—સઘળી વસ્તુને ખાંડી શેકવા જેવી વસ્તુને ઘીમાં સેકી તેમાં ખાંડ કે સાકર નાંખી ઘીમાં એકત્ર કરી મગજની માફક ઠારીને કટકા પાડવામાં આવે છે.

**ત્રીજી રીતઃ**—સઘળી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી એખલા મધમાં મેળવી લોચા જેવું બનાવી તેમાંથી દરરોજ વજન પ્રમાણે ખાવામાં આવે છે.

**ચોથી રીતઃ**—મેથી વીગેરેના લાડવા કરવામાં કેટલાંક પુષ્ટીક વસાણા અને અડદ અથવા ચણાનો લોટ ઘીમાં શેકીને તેમાં ગોળ, ખાંડ અને ઘી જોઈતા પ્રમાણમાં નાખી લાડવા કરીને ઠારવામાં આવે છે.

**પાંચમી રીતઃ**—બૈરાંઓને માટે ગુંદર બનાવવાની છે. તેમાં બાવ-

ળના ગુંદરને પ્રથમ ઘીમાં ફુલાવીને પછી તેમાં યોગ્ય વસાણા મેળવીને તેના લાડવા અથવા ચોસલાં બનાવવામાં આવે છે.

આ પ્રમાણે પાકો બનાવવાની જુદી જુદી રીતો છે, પરંતુ એ બાબતમાં ખાસ લક્ષમાં રાખવા જેવી એ વાત છે કે પાકમાં નાખવાના વસાણા ઘણું કરીને ગાંધીઓને ત્યાંથી લાવવામાં આવે છે. અને તેઓ જે વસ્તુ આપે છે. તે આપણે ખરાં માનીને પાકમાં નાખીએ છીએ. પરંતુ એમાં ઘણી વખત ગાંધી લોકો ઘોટાળો કરે છે. માટે જે જે વસ્તુ લેવી તે ખાશ ઓળખીને ખાત્રી કરીને લેવી; જો આપણે એવી બાબતથી અજાણ હોઇએ, તો ખાસ કરીને જે માણસ વશાણાને ઓળખતું હોય તેવા માણસને સાથે રાખીને વસ્તુઓ લેવી. અને બીજી વાત એ પણ ધ્યાનમાં રાખવી કે કોઇપણ વસ્તુ જુની અને સડેલી લેવી નહી કારણ કેટલીક વસ્તુઓ ૭ માસમાં, કેટલીક ત્રણ માસમાં, અને કેટલીક વરશ દીવસમાં ગુણહીન થઈ જાય છે. જેથી એવી વસ્તુઓ પાકમાં નાખવાથી પાક ગુણ કરતો નથી અને ખરચેલા પૈસા નકામા જાય છે.

## સાલમ પાક-૧.

સાલમ પંજાબી તો. ૫ ધોળી મુશલી તો. ૫ આશન તો. ૨ સુઠ તો. ૨ પીપર તો. ૨ મરી તો. ૨ તજ તો. ૧ લવંગ તો. ૧ જાયફળ તો. ૧ જાવંત્રી તો. ૧ કેશર તો. ૧ પીપરીમુળ તો. ૧ ગોખરૂ તો. ૨ સતાવરી તો. ૨ બળબીજ તો. ૨ એખરો તો. ૨ કાળી મુશલી તો. ૨ કવચાં તો. ૨ ઉટંગણનાબી તો. ૨ બદામ તો. ૧૦ દુધીનો મગજ તો. ૫ તરબુચનો મગજ તો. ૫ કમળકાકડીનો મગજ તો. ૫ લોહભસ્મ તો. ૨ વંગભસ્મ તો. ૧ પ્રવાળભસ્મ તો. ૧ સીલાજીત સુદ્ધ તો. ૩, કસ્તુરી તો. ૦॥

પ્રથમ સાલમ તથા ધોળી મુશલીને ઝીણી ખાંડી દુધ શેર દશમાં નાંખી ઉકાળીને માવો કરવો પછી તે માવામાં ગાયનું ઘી શેર ૧॥ નાંખીને માવાને ખવો કરવો. પછી બદામના છોડા કાઢી નાખી બીજા મગજે ભેગા ખાંડી તેને ઘીમાં શેકી માવા ભેગા કરવા પછી ખાંડવા જેવી વસ્તુ ખાંડી વસ્ત્રગાળ કરી બધી વસ્તુને એકરસ કરી શાકર શેર ચારની ચાસણી કરી તેમાં બધુ નાંખી હલાવીને થાળીઓમાં ઠારીને કટકા પાડવા આ પાક દરરોજ નવટાંકથી વધારે ખાવો નહી.

અને પાક ખાઇને ઉપર પચે તે પ્રમાણે દુધ પીવું જેથી શક્તિ પુષ્ટી બળ વિર્ય વીગેરે વધારી શરીરને બળવાન કરે છે.

## ગોખરૂ પાક–૨.

ગોખરૂ શેર ૦।, એખરો તો. ૨, સામરનો કંદ તો. ૫ ધોળી મુશલી તો. ૫, કાલીમુશલી તો. ૨, મોચરસ તો. ૨, કવચાં તો. ૫, ઉટંગણુનાબી તો. ૫, સમુદ્રશોસનાબી તો. ૨, તજ તો. ૧, જાયફળ તો. ૧, જાવંત્રી તો. ૧, સુંઠ તો. ૧, મરી તો. ૧, અકલગરો તો. ૧, લવેગ તો. ૧, એલચી તો. ૧, ચીની કબાલા તો. ૧, ભાંગ સેકેલી સુદ્ધ તો. ૫, બદામનો મગજ તોલા ૨૦, સીંગોડા તોલા. ૨૦ પ્રથમ બદામના છોડા કાઢી તેને વાટીને ઘીમાં શેકવી પછી શીંગોડા ખાંડીને ઘીમાં સેકવા પછી બીજી બધી વસ્તુ ખાંડી વસ્ત્રગાળ કરી બદામ અને શીંગોડા સાથે એકરસ કરવું. પછી સાકર શેર ત્રણુની ચાસણી કરતી વખતે તેમાં કેશર તોલો એક વાટીને નાંખવું. અને ચાસણી થાય ત્યારે બધી વસ્તુઓ એકત્ર કરીને ચાસણીમાં નાંખી થાલીઓમાં મેસુરની માફક ઠારવુ. આ પાક દરરોજ સવારે તોલા પાંચ ખાઇને ઉપર દુધ પીવું જેથી શક્તિ, પુષ્ટી, બળ, અને વિર્ય વધે છે. તેમજ ધાતુ સબંધી તમામ વિકારોને દુર કરી શરીરમાં જાગ્રતી આપી કમ્મર, હાથ, પગ, વીગેરેના દુખાવાને બંધ કરે છે.

## બદામ પાક–૩.

બદામ શેર બે, કેશર તોલા ૨, એલચી તો. ૨, કવચાં તો. ૫, એખરો તો. ૨ ગોખરૂ તો. ૫, સીંગોડા તો. ૫, દુધીનો મગજ તો. ૫, તરબુચનો મગજ તો. ૫ કમળ કાકડીનો મગજ તો. ૫ સુઠ તો. ૨, પીપર તો. ૨, એલચી તો. ૫, લવંગ તો. ૧, જાયફલ તો. ૧, તજ તો. ૧, જાવંત્રી તો. ૧ અકલગરો તો. ૧ આશન તો. ૨, સતાવરી તો. ૨ બળબીજ 'તો. ૨. વંગભસ્મ તો. ૧, લોહભસ્મ તો. ૧, સીલાજીત તો. ૧, રૂપાના વરખ નંગ ૫૦, સુન્નાના વરખ નંગ ૨૫, પ્રથમ બદામને છોલીને ઝીણી ખાંડવી તેમજ દુધીનો તડબુચના વીગેરે મગજો અને શીંગોડા જુદા ખાંડીને તૈયાર કરવા પછી બીજી ખાંડવા જેવી વસ્તુ ખાંડી વસ્ત્રગાળ કરી તેમાં ભસ્મો અને સુન્નારૂપાના વરખ મેળવવા પછી બદામને ગાયના ઘીમાં લાલ થાય ત્યાં સુધી સેકવી અને ત્યારબાદ શીંગોડા તથા બધી જાતના મગજોને

ઘીમાં સેકીને બધાને એક રસ કરી: સાકર શેર ચારની ચાસણી કરી તેમાં મેળવી ઠારીને કટકા પાડવા. અને દરરોજ નવટાંકને આશરે ખાઈ ઉપર દુધ પીવું જેથી છાતીમાં શકિત આવી. વિર્યને વધારી જતી ધાતુને અટકાવી, મગજ અને શરીરમાં સંપુર્ણ શકિત આપી બળ, બુદ્ધી અને શક્તિ વાપરે છે.

## મેથી પાક–૪.

મેથી શેર ૧, આશન ૦)= સુઠ ૦)= ક્વચાં ૦)= ધોળીમુશલી કાળીમુશલી ૦)= એખરો ૦)= ચોપચીની ૦)– ગોખરૂ ૦)= કોપરાં શેર ૦। તજ તો. ૧ મરી તો. ૧, પીપર તો. ૧, પાનની જડ તો. ૧, તેજબળ તો. ૧, લવેગ તો. ૧, અકલગરો તો. ૧, એલચી ૦)= કમરકસ તો. ૨, સતાવરી તો. ૨, બદામ શેર ૦॥ ચારોલી ૦। પસ્તાં ૦। ખસખસ ૦)= અશાલીઓ ૦)= ખેરનો ગુંદર ૦)= ચણાનો લોટ શેર ૧, અડદનો લોટ શેર ૦॥ શીંગોડાનો લોટ ૦। પ્રથમ મેથીને સાતવાર ઘંટીમાં દળાવવી પછી ખાંડવા જેવી વસ્તુ ખાંડીને ચાળવી, ત્યારબાદ બધી જાતના લોટને તથા બદામ વીગેરે મગજોને ઘીમાં સારી પેઠે સેકવા અને બધાને એકત્ર કરી કોપરાં ને પણ સેકીને નાંખવાં પછી ઘી શેર બે તથા ગોળ શેર બે નો ચુલે મુકીને પા કરવો પછી બધી વસ્તુમાં શાકર શેર બે ખાંડીને મેળવવી અને બધાને એકત્ર કરી ઘી ઠારીને કટકા પાડવા. રોજ સવારે નવટાંકથી પાશેર સુધી ખાવાથી હાથ, પગ, અને કમ્મરમાં શકિત આપી, શરીરમાં બળ પુષ્કળ વધારે છે. મરદ અને બૈરા બન્નેથી ખવાય છે.

## પીપર પાક–૫.

સારીનવી પીપર તોલા. ૪૦ લઇ ખાંડીને વસ્ત્રગાળ કરવી. પછી ગાયનું દુધ શેર સાત લઇ તેમાં પીપર નાંખી ચુલે ચઢાવી ધીમે તાપે માવો કરવો પછી તેમાં ઘી શેર ત્રણ નાંખી ખવો કરવો પછી તેમાં ક્વચાં, કાળી મુશલી, તજ, તમાલપત્ર એલચી, નાગકેશર, વાસકપુર લવેગ, અકલગરો, પીપરમુળ, સુઠ, સડકચુરો, લોહભસ્મ, એ બધી વસ્તુ બબ્બે તોલા ઝીણા કરીને મેળવવા પછી સાકર શેર ચારની ચાશણી કરી તેમાં મેળવી ઠારીને કટકા પાડવા. અને ખાનાર માણસની સક્તી અને જઠરનો વિચાર કરી યોગ્ય પ્રમાણમાં ખાવાથી સર્વ ધાતુઓને જઠરાગ્નીને તથા શક્તિને સતેજ કરે છે. તેમજ હૃદય

અને છાતીને બળ આપી ધાતુની વૃદ્ધી કરે છે. તેમજ જીર્ણજવર ક્ષય, શ્વાસ, કાસ વિગેરેને દુર કરી હાથ પગ અને કમ્મરના દુખાવાને મટાડે છે. અને શરીર તેજવાન બનાવી ઢીલી પડેલી નસોમાં પુસ્કળ તાગાદ આપી નપુંશક પણાને દુર કરી ખરેખરી મરદાઈ આપે છે.

## ભુરાં કોળાનો પાક ૬.

ભુરૂ કોળુ (સારૂ પાકુ) શેર દશનું લઈ તેના કટકા કરી બી કાઢી નાંખી, છીણીથી છીનીને કપડામાં ઘાલીને નીચોવવું પછી તે છીનમાં ઘી શેર બે મુકીને સારૂં લાલ થાય ત્યાં સુધી સેકવું પછી કોળાને નીચોવતાં જે પાણી નીકળ્યું હોય તેને ગાળીને તેમાં સાકર શેર પાંચ નાંખીને ધીમા તાપે ચાસણી કરવી. પછી તેમાં નીચેની વસ્તુઓ ખાંડીને વસ્ત્રગાળ કરીને મેળવવી. સુઠ, મરી, પીપર, જીરૂ, ધાણા, તજ, તમાલપત્ર, એલચી પીપરીમુળ, આમળા, શાહજીરૂ, લવેંગ, એ બાર વસ્તુઓ બબે તોલા મેળવી ચાસણીમાં એક રસ કરી થાળીમાં પાથરી કટકા પાડવા આ પાક સવારે તોલા પાંચથી સાત સુધી ખાઇ ઉપર ગાયનું દુધ શેર ાા પીવાથી વાયુ વિકાર, લોહી વિકાર સ્ત્રીસંગથી આવેલી ક્ષીણતા, સોસ, ઉધરસ, ક્ષયના બળખામાં પડતું લોહી વીગેરેને દુર કરી શરીરમાંથી નાશ પામેલું વીર્ય પાછું લાવી શક્તિ અને પુષ્ટી આપે છે ખાવાનું વજન માણસનું બળાબળ વિચારી ઓછું અથવા વધારે કરવું.

## નારીયેળ પાક—૭.

નાળીયળનું ખમણ દુધ નીચોવેલુ શેર ૨ાા. ચારોલી શેર ૧, બદામ છોલેલી શેર એક, ગાયનું દુધ શેર ૧૦ માં નાખી ધીમે તાપે ઉકાળી માવો કરવો પછી તેમાં ગાયનું ઘી શેર ત્રણ નાંખી ખવો કરવો પછી તેમાં નીચેની વસ્તુઓ ખાંડીને વસ્ત્રગાળ કરીને નાખવી.

હરડાં, બેડાં, આમળા, સુખડનો વેર, મોથ, પીપર, મરી, સુઠ, સતાવરી, નાગકેશર, એલચી, તમાલપત્ર, તજ, આશન, જટામાંશી, સડકચુરો, ધાણા, જીરૂ, ભોયકોહોલુ ક્વચાં, લવીગ, જાયફળ, જાવંત્રી, કેશર, એ વસ્તુઓ બબેરૂપીઆ ભાર અને કસ્તુરી તોલો એક સાકર શેર પાંચની ચાસણી કરી બધી વસ્તુ એકત્ર કરીને ચાસણીમાં નાંખી થાળીમાં પાથરી બબે રૂપીઆભારના કટકા પાડી દરરોજ તોલા પાંચ ખાઇ ઉપર દુધ પીવુ જેથી હાથ પગ કમ્મર વીગેરેનો દુખાવો મટી

શરીરમાં વિર્યની વૃદ્ધી કરી વાયુ, શરદી, નબળાઈ, ખાંશી, શ્વાસ વીગેરે રોગોમાં ફાયદો કરી શરીર તેજવાન બનાવે છે.

## વિજયા (ભાંગ) પાક ૮.

ભાંગ શુદ્ધ કરલી તોલા ૨૦ દુધ શેર પાંચમાં નાખી ચુલે ચઢાવી ધીમા તાપે બાળીને માવો કરવો પછી તેમાં ગાયનું ઘી શેર ૨ નાંખી માવાનો ખવો કરવો અને ત્યાર પછી સુઠ, મરી, પીપર, લવંગ, એલચી, અક્કલગરો, જાયફળ, જાવંત્રી, આસન, સાટોડીના મુળ, કવચાં, બળબીજ, એટલી વસ્તુઓ બબે રૂપીઆ ભાર લેવી. અને દુધીનો મગજ તોલા ૫ બદામનો મગજ તોલા ૧૦ સાકર શેર ૪ ઉપરની વસ્તુઓમાંથી ખાંડવા જેવી વસ્તુઓને ખાંડી વસ્ત્રગાળ કરવી અને બદામના મગજને છોલી દુધીનો મગજ તથા બદામનો મગજ એ બન્નેને જુદા ખાંડી ઘીમા સેકીને બધાની સાથે એકત્ર કરવું પછી સાકરની ગાસણી ગુલાબ જળમાં કરી બધુ તેમા મેળવી થાળીમાં ઢારીને એકેક રૂપીઆભારના કટકા પાડી દરરોજ એકથા બે કટકા ખાઇ ઉપર ગરમ કરેલું દુધ પીવું જેથી ધાતુપુષ્ટ થઇ બળ શક્તિ અને લોહી વધે છે તેમજ શ્વાસ ખાસ નપુંષકતા સંગ્રહણી સ્ત્રીઓને થતો પ્રદર વિગેરે રોગોમા પણ સારો ફાયદો કરે છે.

## કોચાં પાક–૯.

કોચાં લાવી તેને ફોડીને બીચ કાઢવી તે બીજ શેર બે અને ગાયનુ દુધ શેર દશ, કૌચાની બીચને ખાંડીને વસ્ત્રગાળ ચુરણ કરી દુધમાં નાખી ચુલે ચઢાવી બાળીને માવો કરવો પછી તે માવામાં ગાયનું ઘી શેર અઢી નાંખી ખવો પાડવો પછી તેમાં અક્કલગરો લવેગ, સુઠ, ગોખરૂ, અજમો, મોથ, તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર, ચીનીકબાલા, વાંસકપુર, બળબીજ, આશન, સતાવરી, ધોળી મુશળી ભોંયકોહોળુ. એટલી વસ્તુઓ બબે તોલા લેવી અને કેશર, હીંગલોક, લોહભસ્મ. વંગભસ્મ. અભ્રકભસ્મ એ પાંચ વસ્તુઓ એકેક તોલો લેવી પ્રથમ ખાંડવાની વસ્તુને ખાંડી માવાની કીટી સાથે ભેળવું. પછી ભસ્મો અને કેશર વાટીને એકત્ર કરવું પછી સાકર શેર ચારની ચાસણી કરી તેમાં નાખી પાક તૈયાર કરવો આ પાક તોલા ૧ થી ૨ સુધી ખાઇ ઉપર દુધ પીવાથી વિર્યનું ક્ષીણ થવુ. પ્રમેહ, શક્તિ, પુષ્ટી, બળ વિગેરે. ધાતુ સંબધી રોગો ને દુર

કરી વિર્યની વૃદ્ધી કરવામાં રામબાણ છે.

## શીયાળામાં ખાવા માટે મુશળી પાક-૧૦.

ધોળી મુશલી શેર ૰ા ને ખાંડી દુધ શેર પાંચમાં નાંખી માવો કરી તેમાં ઘી શેર ૧ નાંખી ખવો કરવો પછી બદામ શેર ૦ાા ને છોલી ખાંડી ઘીમાં શેકવી અને ત્યાર પછી સીગોડાં શેર ૦ાા ચણાનો લોટ શેર ૧ એ બન્નેને ઘીમાં સેકીને ઉપરની બધી વસ્તુ ભેગી કરવી પછી તેમાં નિચેની વસ્તુઓ ખાંડી વસ્ત્રગાળ કરીને નાખવી ગોખરૂ એખરો બળબીજ સતાવરી કાળી મુશલી ચોપચીની ઉટંગણના બી. સદ-રહુ સાત વસ્તુઓ બબે તોલા નાંખવી અને સુઠ, મરી, પીપર, પીપળીમુળ, તજ, તમાલપત્ર, નાગકેશર, જાયફળ, જાવંત્રી, લવંગ, એલચી, ચીનીકબાલા, તેજબલ, આશન, અકલગરો, એ પંદર વસ્તુ એકેક તોલો લેવી પછી બધાને ભેગુ કરી બધાનુ જે વજન થાય તેની બરાબર ખાંડ નાંખીને એક રસ કરવું પછી જોઈતા પ્રમાણમાં ઘી નાંખી થાળીમાં ઠારવું અથવા લાડવા વાળવા. આ પાક દરરોજ સવારે તોલા ૫ થી ૮ સુધી ખાવો જેથી શકિત પુષ્ટી બળ વિર્ય વધે છે તેમજ હાથ પગ કમ્મર વિગેરેમાં શક્તિ આપી દુખતાં હોય તો મટાડે છે.

## સ્ત્રીઓ માટે ગુંદરપાક-૧૧.

બાવળનો ગુંદર શેર ૧ લઇ તેને ઘી શેર એકમાં તળવો પછી શીગોડા શેર ૦ાા દુધીનો મગજ ૦)= તડબુચનો મગજ ૦)= કમળ કાકડીનો મગજ ૦)= કોપરાં શેર ૦ા બદામ શેર ૦ા એ છ વસ્તુને ખાંડી ઘીમાં શેકવી પછી જવનો લોટ શેર ૦ાા ઘઉંનો લોટ શેર ૦ાા ચણાનો લોટ શેર ૦ાા એ ત્રણે લોટને ઘીમાં સારી રીતે સેકવા પછી તેમાં નીચેની વસ્તુ ખાંડી વસ્ત્રગાળ કરીને મેળવવી. સુઠ, ગોખરૂં, ખસ-ખસ, પીપર, મરી, પીપરીમુળ, જાયફળ, જાવંત્રી એલચી, તેજબળ, તજ, અકળગરો, એ બધુ બબે તોલા લેવું. પછી બધાને એકત્ર કરી જે વજન થાય તેટલું વજન ગોળ અને ખાંડ મળીને નાંખવું પછી જોઇતા પ્રમાણમાં ઘી નાખી થાળીમાં ઠારીને કટકા પાડવા અથવા નવ-ટાંક વજનના લાડુ કરવા આ પાક સ્ત્રીઓને માટે ઘણો સારો છે. જો સ્ત્રીઓ આ પાક શીયાળામાં બનાવીને ખાય તો કમ્મરનો દુખાવો શરીર ધોવાવું, અશકિત, તોડ, નબળાઇ વિગેરેને દુર કરી શક્તિ આપે છે.

# ચુવા-તેલ-લેપ બનાવવાની રીત. ૧

શકિત-પુષ્ટી અને બળને માટે આ પુસ્તકમાં ચૂર્ણો-ગોળીઓ-પાકો વિગેરે ખાવાના ઉપાયો આપવામાં આવ્યા છે. પરંતુ કેટલીક વાર નપુષકતા અને નામરદીમાં ઈંદ્રીની નસો ઢીલી પડી જાય છે. જેથી તેના ઉપર ચોપડવાને તથા ચોળવાને કેટલીક જાતના ચુવા અને લેપો વિગેરેની જરૂર પડે છે. તે બનાવવાને ખાસ અનુભવેલા ઉપાયો આ પુસ્તકમાં આપવામાં આવ્યા છે. તેમાં ઘણી ખરી વસ્તુઓ ઝેરી હોવાથી બનાવતી વખતે તેનો ધુમાડો આંખને નહીં લાગે તેની ખાસ સંભાળ રાખવી. એટલુંજ નહી પણ એ વસ્તુઓ વાપરતી વખતે પણ કેટલીક સંભાળ રાખવાની છે. કારણ એવી વસ્તુઓ ઘણી ગરમ હોવાથી ઈંદ્રિના આગલા ભાગ (સોપારી) ને લાગવાથી સોજો આવી જાય છે. અથવા ઈંદ્રના આગલા ભાગમાં ફોલ્લીઓ થઈ આવે છે. માટે લગાડતી વખતે ઉપર નીચેની નસ ઉપર માલીશ થાય અને પચે તે પ્રમાણે સંભાળ રાખીને લગાડવું. તેમજ એવી વસ્તુઓ પાન અથવા ધંતુરાના પાત્રા ઉપર ચોપડીને ઈંદ્રિ ઉપર બાંધવાની હોય છે. તે એવી રીતે બાંધવું કે આગલા ભાગની સુંવાળી ચામડીને લાગે નહી. વિશેષ એવી વસ્તુઓ લગાડીને અથવા ચોપડીને હાથ સારી પેઠે સાબુ અથવા માટી લગાડીને ધોવા બીજી એક વાત એ પણ લક્ષમાં રાખવી કે એવી વસ્તુવાળા હાથ આંખને નહી લાગે તે ધ્યાનમાં રાખવું. આ પુસ્તકમાં આપેલા ચુવા અને લેપો ઘણું કરીને પાતળી યંત્રે અથવા કાંકડો સળગાવીને તેના ટીપા નીચેના વાસણમાં પાડવાના છે અને કેટલાક ઉપાયો ખાશ કરીને ઈંદ્રિના ઉપર લેપની માફક ચોપડવાના છે અને કેટલાક ઉપાયો નસો ઉપર ઘસવાના છે માટે જે ઉપાય કરવો તે ખાસ ચોકસાઇથી કરવો. કારણ ઉપાયો ખાસ અજમાવેલા અને ચાલુ છે જેથી નીષ્ફળ જવાની ધાસ્તી રાખવી નહી. પરંતુ એટલી વાત ધ્યાનમાં રાખવી કે એક ઉપાયથી કદાચ ફાયદો નહી થયો તો બીજો બનાવીને તેનો ઉપયોગ કરવો.

બીજી એક વાત એ ધ્યાનમાં રાખવાની છે કે આમાના પ્રયોગોમાં જે જે વસ્તુઓ લખેલી છે. તેમાં કેટલીક મુગલાઈ અને દેશી છે. પરંતુ તે વસ્તુ લેતી વખતે ધ્યાન રાખવું કે વસ્તુ ખોટી કે બનાવટી

હોય નહી કારણ કેટલાક માલ વેચનારા કોઈ વસ્તુને બદલે બજતીજ વસ્તુ આપી દે છે માટે એ બાબતમાં ધ્યાન રાખવું અથવા એવી વસ્તુઓ બનાવવાને ખરી અને ખાત્રીની વસ્તુઓ જોઇતી હોય તો હમને નિચેને શરનામે લખીને પુછાવવું કારણ હમે એવી વસ્તુઓ ખાસ જયાં થતી હોય ત્યાંથી જથાબંધ મંગાવી રાખીએ છીએ. જેથી પ્રથમ ડબલ કાગળ લખીને ભાવ પુછાવવા. પછી જોઇએ તે પ્રમાણે મંગાવવી.

મળવાનું ઠેકાણું—
વૈદ ધીરજરામ દલપતરામ પ્રાણાચાર્ય.
રૂવાળાને ટેકરે–સુરત.

---

## નામરદી માટે તેલ–૧.

ગંધક આમલસારો તોલા ૧૦. તલ કાળા તો ૧૦. માલકાંગણી નાખી તો. ૫, લવેંગ તો. ૫, પીપર તો. ૫ ટંકણુ તોલા ૫, વછનાગ તો. ૧, કુકરની ચરબી તો. ૫, ખાંખણુ તો. ૧૦.

પ્રથમ ખાંડવાની વસ્તુને ખાંડી તેમાં બીજી બધી વસ્તુઓ એકત્ર કરી પાતાળી યંત્રથી તેલ કાઢી શીશીમાં ભરી લેવું. આ તેલ ઈંદ્રીની ઢીલી પડેલી નસો ઉપર માલીશ કરવાથી ઇદ્રીની નસોમાં તાકાદ આવે છે. તેમજ અતીશય સ્ત્રીસંગ કરવાથી, હસ્તમૈથુન કરવાથી અથવા બીજા ગમે તે કારણથી આવેલી નામરદી નપુષકતા. વિગેરે દુર થાય છે. આ તેલ માલીસ કરવુ અને ખાવામાં હમારી પુષ્ટીપ્રભા ગુટીકા સવાર સાંજ દુધ સાથે ખાવી જેથી તાત્કાળીક ફાયદો થશે. પુષ્ટીપ્રભા ગુટીકા એક માસની ગોળી ૬૦ ના ફક્ત રૂપીઆ સવા બે પડે છે.

## નપુંષકતા માટે ચુવો ૨.

